# શું લાગે છે ? 'કોણ આવશે ? ચોરે ને ચૌટે ચૂંટણીલક્ષી ચર્ચાઓ

## મતદાનની પૂર્વ સંધ્યાએ ગમે ત્યાં જાઓ ચૂંટણીની જ ચર્ચા ચાલી રહી છે : ઉમેદવારો ટેન્શનમાં

ગાંધીનગર, તા. ૧૬

બીજા તબક્કાના મતદાન પહેલાં જ્યાં જાઓ ત્યાં બસ ચૂંટણીલક્ષી ચર્ચાઓનો જ થતી સાંભળવા મળી રહી છે. આ વખતે કોણ આવશે, કોણ બાજી મારશે ? તેવા પ્રશ્નો સતત ચર્ચાઈ રહ્યા છે. ચૂંટણી માટે જે પ્રકારે ઉત્તેજનાસભર વાતાવરણ છે તે જોતાં બીજા તબક્કામાં પણ ઉંચુ મતદાન થવાની પુરેપુરી સંભાવના છે.

આ વખતે વિધાનસભાની ચૂંટણી માટે ભારે ઉત્તેજના જોવા મળી રહી છે. પ્રથમ તબક્કામાં થયેલા ઐતિહાસિક મતદાન બાદ બીજા તબક્કાના મતદાન માટે પણ મતદારોમાં ખુબ ઉત્સાહ જોવા મળી રહ્યો છે. મતદારોએ આ વખતે ખુબ મતદાન કરી તમામ પક્ષોને વિચારતા કરી મુક્યા છે. આવતીકાલે ગાંધીનગર સહિત ઉત્તર ગુજરાતના તમામ વિસ્તારોમાં મતદાન થવાનું છે ત્યારે જ્યાં જાઓ ત્યાં આ જ ચર્ચા ચાલી રહી છે. ગાંધીનગર શહેર ગાંધીનગર ઉત્તર બેઠકમાં આવતુ હોવાથી આ બેઠક પર કોની જીત થશે તેની ચર્ચાઓ પણ થઈ રહી છે. ન્યુઝ ચેનલો પર પણ આ જ ગુજરાતની વિધાનસભાની ચૂંટણીના જ સમાચારો આવતા હોવાથી ઘરમાં તેની ચર્ચાઓ થાય છે. ગાંધીનગર ઉત્તર બેઠક પર બંને પક્ષોના ઉમેદવારોની ખુબ સારી પકડ હોઈ ઉમેદવારોએ પણ જીતવા માટે એડી ચોટીનું જોર લગાવ્યું છે. કોઈ પણ ઉમેદવાર જીતે જે પ્રકારનું વાતાવરણ જોવા મળી રહ્યું છે તે પરથી તો એવું જ લાગી રહ્યું છે કે મતદાનની ટકાવારી ખૂબ ઉંચી જશે.

# આજે મતદાનના સંદર્ભે સમગ્ર જિલ્લામાં લોખંડી સુરક્ષા વ્યવસ્થા

**તમામ નાકા પર પોલીસ : કોમ્બીંગ નાઈટ : જિલ્લા પોલીસના કાફલા ઉપરાંત પેરા મીલેટરી ફોર્સ, ૧૩ ક્વીક રીસ્પોન્સ ટીમ, ૧૦ સ્ટ્રાઈકીંગ ફોર્સ, ૩૦ એરીયા મોબાઈલ તૈનાત : શરૂથી પ્રભાવીત કરી શકાય તેવા ૫૦ ગામોમાં વીડીયોગ્રાફી સાથે પોલીસ ફરશે**

ગાંધીનગર, તા. ૧૬

ગુજરાત વિધાનસભાની ચૂંટણી શાંતીપૂર્ણ માહોલમાં સંપન્ન થાય અને કાયદો વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે ગાંધીનગર જિલ્લા પોલીસ દ્વારા લોખંડી વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. જિલ્લાની પાંચેય બેઠકોમાં જિલ્લા પોલીસ અધિક્ષકના સુપરવિઝન હેઠળ ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે અને પ્રથમવાર પોલીસનું રેન્ડમાઈઝેશન કરવામાં આવ્યું છે. જિલ્લાના તમામ નાકાઓ પર પોલીસ ગોઠવી દીધા ઉપરાંત કોમ્બીંગ નાઈટનો આદેશ આપી દેવાયો છે. ૧૩ ક્વીક રીસ્પોન્સ ટીમ અને ૧૦ ટ્રાઈકીંગ ફોર્સ પણ મતદાન સમયે તૈનાત રહેશે.

જિલ્લા પોલીસ વડા શરદ સિંઘલના સુપરવિઝન હેઠળ જિલ્લાની પાંચેય વિધાનસભાની બેઠકો પર ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. જિલ્લાની દરેક વિધાનસભા બેઠકમાં એક-એક ડીવાયએસપી એટલે કે જિલ્લામાં પાંચ ડીવાયએસપી તૈનાત રહેશે. તે ઉપરાંત ૧૬ પી.આઈ., ૫૬ પી.એસ.આઈ., ૧૪૨૦ પોલીસ, ૩૧ સેન્ટ્રલ પેરા મીલેટરી ફોર્સ તૈનાત રહેશે. દરેક મતદાન કેન્દ્ર પર હાફ સેકશન મુકવામાં આવશે. ૧૩ ક્વીક રીસ્પોન્સ ટીમ ઉપરાંત પાંચ સ્ટ્રાઈકીંગ ફોર્સ, જે દરેક ડીવાયએસપી સાથે રહેશે તે ઉપરાંત અન્ય પાંચ સ્ટ્રાઈકીંગ પોર્સ એસ.પી. સાથે રહેશે. ૧૨૬ પોલીસ ઝોનલ ઓફીસરો સાથે રહેસે જયારે પી.એસ.આઈ. સાથેની ૩૦ એરીયા મોબાઈલ પર ફરતી રહેશે. તે દરેક એરીયા મોબાઈલને ચારથી પાંચ રૂટ આપવામાં આવ્યા છે.

દારૂની લાલચ આપીને મતદારોને પ્રભાવીત કરી શકાય તેવા જિલ્લાના ૫૦ જેટલા વલ્નરેબલ પોકેટ ગામો છે. તે તમામ ગામોમાં પોલીસની ટીમ વિડીયોગ્રાફર સાથે ફરશે. ૨-૨ વાયરલેસ સેટ સાથે દરેક વિધાનસભા બેઠકમાં એક ફલાઈંગ સ્કવોર્ડ રહેશે. તે ઉપરાંત ૧૦ મિનિટથી ઓછો રીસ્પોન્સ ટાઈમ નક્કી કરવામાં આવ્યો છે. ઉલ્લેખનીય બાબત એ છે કે આ વખતે પ્રથમવાર પોલીસનું રેન્ડમાઈઝેશન કરવામાં આવ્યું છે. પેટ્રોલીંગ દ્વારા તમામ પોલીસે વીઝીટબુકમાં એન્ટ્રી કરવી પણ ફરજીયાત કરવામાં આવી છે.

### ચૂંટણી પૂર્વે જિલ્લા પોલીસે ૩૪.૪૦ લાખનો દારૂ પકડ્યો : ૩૭૦૦ અટકાયતી પગલા લેવાયા

ચૂંટણી જાહેર થયાથી આજ દિન સુધી ગાંધીનગર જિલ્લા પોલીસે ચૂંટણીમાં દારૂની થતી રેલમછેલ અટકાવવા વિવિધ બાતમીદારો મારફતે બાતમી મેળવીને જિલ્લામાંથી ચૂંટણી પૂર્વે ૧૫,૪૬૦ બોટલ વિદેશી દારૂ તથા ૩૮૦૦ લીટર દેશી દારૂ મળી રૂ. ૩૪,૪૦ લાખનો દારૂ પકડ્યો છે. તે ઉપરાંત બે ગેરકાયદેસર હથિયારો અને ૧૪૦ ગ્રામ ગન પાઉડર પણ પકડી પાડ્યો હતો. અત્યાર સુધી પોલીસે ૩૭૦૦ અટકાયતી પગલા ચૂંટણીલક્ષી લીધા છે અને ૧૨૮૧ નોન બેલેબલ વોરંટ પણ બજાવ્યા છે. આચારસંહિતા ભંગની પોલીસ ફરીયાદ થવા પામી છે.

# વિચારક્રાંતિ અભિયાન અંતર્ગત વિરાટ પુસ્તક મેળાનો ૨૧મીથી પ્રારંભ

ગાંધીનગર, તા. ૧૬

ગાયત્રી પરિવાર દ્વારા વિચારક્રાંતિ અભિયાન અંતર્ગત તા. ૨૧મી ડિસેમ્બર-૨૦૧૨થી ૩૦મી ડિસેમ્બર-૨૦૧૨ સુધી બલરામ મંદિર પરિસર, સેક્ટર-૧૨-ડી, ગાંધીનગર ખાતે વિરાટ પુસ્તક મેળો યોજાશે.

વિરાટ પુસ્તક મેળામાં ૩૨૦૦થી અધિક પુસ્તકો મુકવામાં આવશે. જીવન નિર્માણ એવું જીવનોપયોગી સત સાહિત્ય જેમ કે બાળ નિર્માણ, વ્યક્તિ, પરિવાર, સમાજ અને રાષ્ટ્ર નિર્માણ, વિદ્યાર્થીજીવન, યુવા વર્ગના પડકારો, યુવાનોની સમસ્યાઓ અને સમાધાન યુવા ક્રાંતિ, મહિલા જાગૃત્તિ અને નારી ઉત્થાન, આનંદમય વૃદ્ધાવસ્થા, આબાલવૃદ્ધ સૌને સ્પર્શતા પ્રશ્નોનું નિરાકરણ, વ્યસન મુક્તિ, દિવ્ય જડીબુટ્ટી, લોક સેવા, સમાજ સેવા, રાષ્ટ્ર સેવા, સ્વાવલંબન, રાષ્ટ્ર સમસ્યાના સાંપ્રત પ્રવાહો, રોજગાર, શ્રમ, ધર્મગ્રંથો, વેદ, ઉપનિષદ, વિદ્યા શિક્ષણ જેવા અનેક વિષયો પર સદ્‌સાહિત્ય પચાસ ટકા મૂલ્ય પર ઉપલબ્ધ થશે.

# ઓમ લેન્ડમાર્ક સ્કૂલ દ્વારા મતદાર જનજાગૃતિ અભિયાન રેલી યોજાઈ



ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લાના ચિલોડા ગામે આવેલી ઓમ લેન્ડમાર્ક સ્કૂલમાં આચાર્યની રાહબરી હેઠળ શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓ દ્વારા જનજાગૃતિ મતદાન અભિયાન રેલી યોજાઈ હતી. શાળાના વિદ્યાર્થીઓ અલગ-અલગ ગૃપમાં વહેંચાઈને ચિલોડા મોટા તથા તેની આસપાસના ૧૫ જેટલા ગામોમાં જનજાગૃતિ મતદાન અભિયાન રેલીમાં ગયા હતા. વિદ્યાર્થીઓએ ગામડાના લોકોને ૧૦૦ ટકા મતદાન કરવા સમજાવ્યા હતા.

ઓમ લેન્ડમાર્ક સ્કૂલ, મોટા ચિલોડા દ્વારા તાજેતરમાં જુદા જુદા ગામોમાં મતદાન માટે જનજાગૃતિ અભિયાન માટે રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં સ્કૂલના વિદ્યાર્થીઓ મોટા ચિલોડા, શિહોલી મોટી, દશેલા, કાનપુર, સાદરા, વાસણા ચૌધરી, ચંદ્રાલા, ઈસનપુર મોટા, મગોડી, પાલૈયા, દહેગામ, રખિયાલ, ધણપ, છાલા, ગિયોડ, મહુન્દ્રા જેવા વિસ્તારોમાં સૂચક બેનર લઈને રેલી સ્વરૂપે ગયા હતા અને ગામના લોકોને સો ટકા મતદાન કરાવવા માટે ખૂબ જ સુંદર પ્રયાસ કર્યો હતો. સ્કૂલના જ શિક્ષકોના માર્ગદર્શન હેળ આ રેલી જુદા જુદા ગામમાં ફરી હતી. ઉપરાંત સ્કૂલમાંથી વિદ્યાર્થીઓને અનોખુ હોમવર્ક આપવામાં આવ્યું હતું.જેમાં વિદ્યાર્થીઓએ ચૂંટણીના દિવસે પોતાના માતા પિતા તથા અન્ય સંબંધીઓ અને પોતાના ઘરની આસપાસના લોકોને અવશ્ય મતદાન કરાવવાનું રહેશે અને પછી જ તેમણે અન્ય કાર્ય કરવાના રહેશે એ રીતે પોતાના વડીલોને સૂચન કરવાનું હોમવર્ક આપવામાં આવ્યું હતું. ઓમ લેન્ડમાર્ક સ્કૂલના વિદ્યાર્થીઓ દ્વારા લોકોમાં જાગૃત્તિ લાવવા માટે સુંદર પ્રયાસ કરવામાં આવ્યો હતો.

## રાવત રાજપૂત સમાજને સો ટકા મતદાન કરવા અપીલ

ગાંધીનગર, તા. ૧૬

રાવત રાજપૂત સમાજના અગ્રણી નેતા હરિસિંહ રાવત દ્વારા ગાંધીનગરમાં રહેતા રાવત રાજપૂત સમાજ અને અન્ય રાજસ્થાન પરિવારોને ૧૭મી ડિસેમ્બરે બીજા તબક્કાની ચૂંટણી પ્રક્રિયામાં ૧૦૦ ટકા મતદાન કરવા અપીલ કરી છે.

દરેક રાજસ્થાની પોતાની જન્મભૂમિની જેમ જ ગુજરાતને કર્મભૂમિનું મહત્વ આપીને ભાજપ તરફી મતદાન કરે તેમ વિક્રમસિંહ રાજપૂતે જણાવ્યું છે.તમામ રાજસ્થાન પરિવારે ગુજરાતનું ઋણ અદા કરવા મતદાનરૂપી લોકશાહીના મહાપર્વનો લ્હાવો ન ચૂકે અને સો ટકા મતદાન કરે તેવી અભિલાષા સેવી છે.

## આર્ટ ઑફ લિવિંગનો ૧૮મીએ બેઝીક કોર્ષનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૧૬

શ્રી રવિશંકર પ્રેરિત સંસ્થા દ્વારા ૧૮ વર્ષથી મોટા લોકો માટે બેઝિક કોર્ષનું આયોજન તા. ૧૮મી થી ૨૩મી ડિસેમ્બર સુધી સવારે ૬ થી ૯ અને સાંજે સાડા છ થી સાડા નવ સુધી મેઘ મલ્હાર કોમ્પલેક્ષ, બીજા માળે, સેકટર-૧૧ ખાતે રાખેલ છે. શિબિરમાં રજીસ્ટ્રેશન માટે સ્થળ પર અથવા શ્રી સુરેશભાઈ ને મો. ૯૪૨૬૩૦૦૩૦૩ પર સંપર્ક કરવો.

## પેથાપુરમાં આનંદ ગરબો તા. ૧૭મી એ યોજાશે

પેથાપુર એસ.ટી. બસ. પેસેન્જર એસોસીએશનના મંત્રી નટુભાઈ કે. દરજીના જણાવ્યા પ્રમાણે મા અંબા મંડળ દ્વારા સચિનકુમાર ભટ્ટ (અંબિકા સાઉન્ડ વાળા) નો તા. ૧૭મી એ બપોરે શુભમ સોસાયટીમાં આનંદનો ગરબો રાખવામાં આવેલા છે.

આ જ છે
નિર્ણયની ઘડી



| | | | |
|---|---|---|---|
| ગુજરાતમાંથી ૧૧,૨૫૧ નિર્દોષ બાળકો ગુમ રાજ્યમાં સલામતી | નથી | રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાનો ચુસ્તપણે અમલ તેમજ નાગરીકોની સલામતી | નક્કી |
| ગુજરાતના ૨૯ ટકા કુટુંબોને પીવાનું શુધ્ધ પાણી મળતું | નથી | વરસાદી પાણીનો સંગ્રહ તેમજ તમામ ગામડામાં લોકોને પીવા માટે સ્વચ્છ પાણી | નક્કી |
| ગુજરાતમાં ૧૦ લાખ શિક્ષિત યુવાનો પાસે નોકરી | નથી | વિદ્યાર્થીઓને વિનામૂલ્યે લેપટૉપ અને શિક્ષણ તેમજ રાજ્યમાં બેરોજગાર યુવાનોને કૌશલ્ય તાલીમ અને રોજગારી | નક્કી |
| ગુજરાતમાં ૧૦ લાખ કર્મચારીઓને છઠ્ઠા પગારપંચનો લાભ અને ૫ લાખ ફિક્સ પગાર ધારકોને પુરા પગારનો લાભ મળતો | નથી | રાજ્યના કર્મચારીઓને છઠ્ઠા પગાર પંચનો લાભ અને રાજ્યમાં ખાસ પગાર ધોરણ | નક્કી |
| ગુજરાતમાં પાંચ વર્ષથી નીચેના ૪૫ ટકા બાળકોને પુરતું પોષણ મળતું | નથી | રાજ્યમાં દરેક જરૂરિયાતમંદ કુટુંબને નિયત સબસિડી પર પોષણયુક્ત આહાર | નક્કી |
| ગુજરાતનાં ૧૮ લાખ ઘરોમાં વીજ જોડાણ | નથી | રાજ્યમાં ૧૮,૦૦૦ ગામોમાં સોલાર સ્ટ્રીટ લાઇટની વિનામૂલ્યે વ્યવસ્થા | નક્કી |
| 'ગાંધીનગર'થી નીકળેલા નર્મદાના નીર અને વીજ જોડાણ ૧૭ વર્ષથી ખેતર સુધી પહોંચ્યા | નથી | સમગ્ર ગુજરાતમાંથી ડાર્કઝોન નાબૂદી રાજ્યમાં ખેડૂતોને ખેતી માટે વીજ જોડાણ | નક્કી |
| ગુજરાતમાં સરકારી દવાખાના-આરોગ્યકેન્દ્રો, હેલ્થ સ્ટાફ અને પૂરતી દવાઓ | નથી | રાજ્યમાં વિનામૂલ્યે જીવનરક્ષક દવાઓ અને વિનામૂલ્યે કેન્સર, કિડની અને હૃદયરોગની સારવાર | નક્કી |

સૌ જાણે જ છે કે ગુજરાતમાં ભાજપના રાજમાં આટલું નથી | ગુજરાતમાં કોંગ્રેસની સરકાર રચાશે એટલે આટલું નક્કી

માટે જ આપનો મત
કોંગ્રેસને નક્કી

સહુ સહમત કોંગ્રેસને મત

પ્રચારક: ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ